પ્રતિ,
સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

૧૫/નગ/૫૫૨૮
૨૫/૧૦/૯૦

વિષય : મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૧૮ (કતારગામ) ને સરકારશ્રીની મંજુરી મળવા બાબત..

મહાશય,

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૪૮(૧) ની જોગવાઈ મુજબ સરકારશ્રીની મંજુરી મેળવવા માટે મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૧૮ (કતારગામ) ની દરખાસ્ત (સ્કીમ બુક) ત્રણ નકલમાં આ સાથે સાદર કરેલ છે.

ઉપરોકત વિષયે જણાવવાનું કે ઉકત નગર રચના યોજના તૈયાર કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૪૧(૧) ની જોગવાઈ મુજબ મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય સાથે પરામર્શ કરી તેઓના પત્રનં. નરયો/જનરલ/૨૦૮૨૧ તા.૧૩-૯-૮૮ થી અનુમતિ મેળવેલ છે. ત્યારબાદ ઉકત કાયદાની જોગવાઈ મુજબ આ સ્કીમ તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરી જમીન માલીકોની સભા યોજી વાંધા સૂચનો મેળવી મુસદ્દારૂપ યોજના પ્રસિધ્ધ કરવામાં આવી હતી. આ અંગેનું જાહેરનામું તા.૨૧-૬-૯૦ ના સરકારી રાજ્યપત્રના ભાગ-૨ માં પ્રસિધ્ધ કરવામાં આવેલ.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ તથા તેના નિયમોની જોગવાઈ મુજબની જરુરી કાર્યવાહી પૂર્ણ કરી આ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૮ (કતારગામ) નો મુસદ્દો તૈયાર કરવામાં આવેલ છે. તથા તેને આ કાયદાની કલમ ૪૮(૧) હેઠળની સરકારશ્રીની મંજુરી સારુ સાદર કરવા તથા તે અંગે જરુરી કાર્યવાહી કરવા સુરત મહાનગરપાલીકાનો

...૨..

નગર નિયોજન સમિતિએ તેના તા.૨૭-૯-૯૦ ના ઠરાવ નં.૪૧ થી કમિશ્નરશ્રીને અધિકૃત કરેલ છે.

ઉપરોકત હકીકતથી વિદિત થઈ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૪૮(૨) ની જોગવાઈ મુજબ આ મુસદ્દારુપ નગર રચના યોજનાને સરકારશ્રીની મંજુરીના હુકમો મેળવી આપવા તથા આ કાયદાની કલમ ૫૦(૧) ની જોગવાઈ હેઠળ નગર રચના અધિકારીની નિમણુંક અંગેના હુકમો કરવા વિનંતી છે.

આપનો

કમિશ્નર
સુરત મહાનગરપાલીકા

બિડાણ : સ્કીમબુક તથા
વાંધા સૂચનોની ફાઈલ

નકલ રવાના પ્રતિ :-

મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય.
જરુરી કાર્યવાહી કરવા વિનંતી.